






તબીબી સુવિધા સારું પ્લોટ આવતા નથી!
નિયમિત કરીને કાયમી સ્થાપવા નથી!
કાપવા છે ઉંચા ભાવેથી વેપારી ધોરણે -
'તબીબી-સેવા'ના મીટરથી માપવા નથી -
(ડોકટરર્સ - કોર્ટમાં ઘા)

ભાવ ભરોસે,
નિર્દોષ વિશ્વાસનું
ટૂંપાય ગળું..
(કોલેજ કન્યાને ટૂંપો)

લહેરાવે છે,
પાકિસ્તાનના ઝંડા -
મુક્તિ-મામદ
(ગળાં નું છછુંદર)




## ચિંતન

**વક્રો અપિ પંકજાં ન તો અપિ દુરા સદો અપિ વ્યાલાશ્રિતો અપિ વિફલો અપિ સકંટકો અપિ ।**
**ગંધેન બંધુરસિ કેતક પુષ્પેજેન હયેકો ગુણઃ ખલુ નિહન્તિ સમસ્ત દોષાન્ ॥**

'હે કેવડા તું વાંકો છે અને તારો જન્મ કાદવમાં થયો છે. સૌ કોઇને મુશ્કેલીથી પ્રાપ્ત થઇ શકે એવો છે અર્થાત તને મેળવવો એ પણ કઠિન કામ છે. વળી તું ભયંકર સર્પોથી જ વીંટળાયેલો રહે છે, તું કાંટાવાળો પણ છે.'

છતાં પણ, તારાં ફૂલમાંથી ઉત્પન્ન થતી સુંદર સુગંધને કારણે જ તું બધાંનો પ્રિયબંધુ મિત્ર બન્યો છે. ખરેખર માનવીમાં રહેલા એકમાત્ર પણ સઘળા દોષોને ઢાંકી દે છે.'

માણસ કોઇ સર્વગુણ સંપન્ન તો હોઇ જ ન શકે, પરંતુ પ્રયત્નપૂર્વક પણ કોઇ એક સારી ટેવ, સારો નિયમ, એક સદ્‌ગુણ ને વળગી રહે તો પણ તેનું કલ્યાણ થઇ જાય છે. એ એક જ ગુણ તેની સાચી ઓળખ બની જાય છે.

અહી 'કેવડા'નું દૃષ્ટાંત આપી આ વાત સચોટ રીતે સમજાવવામાં આવી છે.

## સુવિચાર

- મૌન એ મહામૂલો ખજાનો છે, એ ખજાનાને સુરક્ષિત રાખનાર અને સમજણપૂર્વક ખપમાં લેનારને મૌન કદી દગો કરતું નથી.. મૌન એ તો આંતરિક શાન્તિની બેંક છે
  **- ડો. ચંદ્રકાન્ત મહેતા**
- દો પહર તક બીક ગયા બાજાર કા હર એક જૂઠ...
  ઔર મેં એક સચ લેકર શામ તક બૈઠા રહા... **- વસીમ બરેલવી**
- માણસની જીંદગીમાં બે સમય એવા આવે છે જયારે તેણે બહુ વિચાર કરવો જોઇએ નહી, એક તો માણસ કોઇ કામ કરવા સમર્થ હોય ત્યારે અને બીજો સમર્થ ન હોય ત્યારે **- માર્ક ટ્વેઇન**
- તમારા નસીબ પર જાતે અંકુશ મેળવો અન્યથા બીજું કોઇ નિયંત્રણ મેળવી લેશે
  **- એસ. ભટ્ટાચાર્ય**
- મનના કુરુક્ષેત્રમાં વિજય મેળવવો એ પ્રધાનમંત્રી પદ મેળવવા કરતાં પણ વધારે કપરૂં કામ છે **- મૃગેશ વૈષ્ણવ**
- પુસ્તકોના પુસ્તકો તમારી ભીંતર પણ છે જ **- ઓશો**
- પૈસાદાર થવામાં કશી શરમ નથી, પણ પૈસાદાર તરીકે મરવામાં શરમ આવવી જોઇએ
  **- અઝીમ પ્રેમજી**

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધ કથા

સંતો-ફકીરો-બાબા-બાપુઓ થોડું તપ કરે નાની-સૂની સિદ્ધિ મળે કે મેલી-ઘેલી વિદ્યાથી કોઇ ચમત્કાર કરવાની શક્તિ મળે પછી તેમના અનુયાયી તેમને 'ભગવાન' બનાવી નાખે છે અને સંત-બાબા-બાપુને પણ એવી 'ગેરસમજ' થઇ જાય છે.

કાશી-વારાણસીના સંત બાબા ગુલામચંદે 'અઘોરી' સાધનાથી 'ચમત્કાર' કરવાની શક્તિ પ્રાપ્ત કરી હતી. તેમને સૂફી સાહિત્યમાં સારો રસ હતો.

એકવાર એમને મળવા હિન્દી સાહિત્યકાર શ્રી સુંદરસિંહ 'ચક્ર' મળવા આવ્યા. બાબાએ સૂફી કાવ્યો સંભળાવ્યા - સુદર્શનજીએ પોતાના ભક્તિ કાવ્યો સંભળાવ્યા ખૂબ જ ઊંચી કક્ષાનો ભક્તિભાવ સાંભળી ગુલાબચંદ ખૂબ જ ખૂશ થઇ ગયા. સુંદર્શનને કહ્યું, હું તમારા પર ખૂબ ખૂશ થયો છું. તમે માગો તે આપું. મારું વચન ફળશે જ.

સુદર્શનજી કહે - બાબા ઇશ્વર પ્રત્યે મારો ભક્તિભાવ દૃઢ થાય એટલી કૃપા કરો!

બાબા કહે એ તો છે જ, બીજું કંઇ માગો -

હવે સુદર્શનજીને ગુલાબચંદની વાણીમાં અભિમાનનો અંદેશો આવ્યો તેથી કહ્યું, ભારત ભૂમિમાં કોઇ દુ:ખી-રોગી ન રહે તેવું વચન આપો!

ગુલાબચંદ સાંભળી રડી પડ્યા. કહ્યું, કવિરાજ તમે મારું અભિમાન ઉતાર્યું. માણસ સર્વ-સમર્થ છે જ નહીં.. હું કંઇ ભગવાન નથી એનું તમે મને ભાન કરાવ્યું.

**Email - sureshchandrabhatt18@gmail.com**

# એક અષાઢ કોરો ગયો-બીજો અષાઢ વરસે તો સારું

## તંત્રી સ્થાનેથી....


હવામાનશાસ્ત્રીઓ અને જયોતિષીઓની આગાહીઓને લપડાક મારતી હોય એમ કુદરત એની મનપસંદ ચાલ ચાલી રહી છે. 'હાથી ચલત હૈ અપને ગત મેં, કૂકર ભૂંકત વાકો ભૂંકવા દો!' - જાણે વરસાદ આપણા વિજ્ઞાનીઓ અને જોશીડાઓની મીઠી મશ્કરી ન કરતો હોય એમ એકાદ વાર ડોકિયું કરીને હાથતાળી આપી ગયો તે પછી આ તરફ પાછું વાળીને જોવાની પણ એણે દરકાર નથી કરી. પહેલા જ તબક્કે એણે કાઠિયાવાડમાં એવું જોર બતાવ્યું કે આખી મોસમનો ક્વૉટા એક ઝાટકે ધરબી દીધો. એમાં બિચારી ગુજરાત સરકાર માટે મુસીબત સરજાઈ. નિષ્ણાત બની ગયેલા વિપક્ષને મુદ્દો મળી ગયો. ગીરની વન્યસૃષ્ટિનો સોથ વળી ગયો. પાંચેક હજાર પ્રાણીઓ કાળનો કોળિયો બની ગયાં એમાં ગીરના સાવજ પણ બાકી ન રહ્યા! સૌરાષ્ટ્ર જળબંબાકાર અને ગુજરાત કોરું ધાકોર! અષાઢ તો વરસાદનું ઉદ્‌ગમ સ્થાન. આ વર્ષે તો બે અષાઢ, એટલે વરસવું હોય તો હજી પણ વરસાદ પાસે એક આખેઆખો નિજ અષાઢ સિલકમાં છે. જેવી એની મરજી. રથયાત્રા અને રમજાન ઈદના મુબારક દિવસોમાં એ ભીંજવે તો મોડો મોડો પણ આવ્યો સમજીને લોક એનાં વધામણાં લેશે. આષાઢસ્ય પ્રથમ દિવસે પેલા કાલિદાસના યક્ષની જેમ આપણને પણ મેઘદૂત સાથે કોઈ અગોચર પ્રેયસીને સંદેશો પાઠવવાનું મન થાય જ વળી. મેઘ તો છેલ્લા ઘણા દિવસોથી ગાંધીનગરના આકાશમાં છવાયેલા જોવા મળે છે, પણ એ વરસે ત્યારે ખરા! પવનની લહેર સાથે એ આષાઢી રાતોને ઠંડી બનાવી મૂકે છે અને દિવસ દરમિયાન પરસેવા રુપે રૂંવે રૂંવે ટપકતા રહે છે. ખેડૂતો માટે વરસાદ એ સવાયો ઈશ્વર છે. મેઘરાજા રિસાઈને બેસે એ બીજાને તો કદાચ પોસાય, પણ ધરતીના છોરુંને એમના અબોલા શેં જીરવાય? અબોલ પશુપંખી માટે કે ઉનાળો તપેલા વૃક્ષો માટે વરસાદ અમૃત સંજીવનીની ગરજ સારે છે. ઋતુચક્ર ફરી જવાથી થયેલ ફેરફાર ઉત્તર ગુજરાત જેવા પ્રદેશો માટે જોખમી પુરવાર થઈ શકે છે. વચ્ચે તો થોડાં વરસ પર કચ્છમાં પણ ઘોડાપૂર આવવા લાગેલા. પરંતુ આ વખતે ઉત્તર ગુજરાતના માથે અર્ધ દુષ્કાળ જેવી પરિસ્થિતિ ઝળૂંબી રહી છે. સરકાર આ મુદ્દે જાગૃત છે એટલે એને પહોંચી જરુર વળશે, પરંત આવી જ પરિસ્થિતિનું સળંગ બે-પાંચ વરસ પુનરાવર્તન થયું તો શી વલે થશે?

ખેતીને કયારેક 'ઉત્તમ' ગણવામાં આવતી હતી અને નોકરીને કનિષ્ઠ. છેલ્લાં વર્ષોમાં નોકરી ઉત્તમ ગણાતી થઈ ગઈ છે અને જે બીજું કંઈ જ ન કરી શકે એવો જ વર્ગ ખેતી સાથે સંકળાયેલો રહ્યો છે, જે એની મજબૂરી છે. વરસાદની અનિયમિતતાને કારણે અને સિંચાઈનાં સાધનોના અભાવે ગામડામાંથી ખેતી સાથે જોતરાયેલો જનસમુદાય શહેરો ભણી ધસી રહ્યો છે. ભારત જેવા ખેતીપ્રધાન દેશ માટે આ કોઈ શુભસંકેત ન જ ગણાય.

# સત્તા (સરકાર) V/s સેવા (સિદ્ધાંત) : લડાઈ જારી હૈ...!!!

'લોકશાહીમાં અમલદારોના કામમાં રાજકીય હસ્તક્ષેપ જરૂરી છે, પણ જો એ હસ્તક્ષેપ રાજકીય દખલગીરીની હદે વધી જાય તો નુકશાનકારક છે, કેમકે લોકશાહીમાં બ્યુરોક્રેસી અને રાજકીય હસ્તક્ષેપ એ બન્નેએ હાથમાં હાથ મિલાવીને કામ કરવું પડે. આ જ તો લોકશાહીની ખાસિયત છે. જો આપણે દેશને બરાબર ચલાવવો હોય તો રાજકીય દખલગીરીની નહિ પણ સમયે પુરા થતા ના હોય એવા કામોમાં રાજકીય હસ્તક્ષેપની જ જરૂર રહેવી જોઈએ કેમકે આખરે રાજકારણીઓ પણ પ્રજા દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ છે, પણ રાજકીય દખલગીરી આ ભાવનાનો વિનાશ કરે છે 'સિવિલ સર્વિસ દિવસ નિમિત્તે બ્યુરોક્રેટ્સને સંબોધતી વખતે આ શબ્દો હતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના. વડાપ્રધાને તો આનાથી આગળ એમ પણ કહેલું કે તમે લોકો સ્થાયી કહેવાવ અને અમે રાજનેતાઓ અસ્થાયી કહેવાય.

એપ્રિલ ૨૦૧૫માં વડાપ્રધાને આપેલી આ શિખામણને હજુ ત્રણેક મહિના માંડ વીત્યા છે પણ શેઠની શિખામણ ઝાંપા સુધીની જેમ દેશમાં અસ્થાયી રાજનેતાઓ દ્વારા સ્થાયી અમલદારોને અસ્થાયી બનાવવાનો ખેલ ચાલુ જ રહ્યો છે. લોકશાહી ભારતમાં રાજનેતાઓ દ્વારા અમલદારોને યેનકેન પ્રકારે પરેશાન કરવાનો સિલસિલો નિરંતર ચાલતો રહ્યો છે. જયાં પણ અમલદારના કામમાં નેતાજીને નુકશાન પહોચતું દેખાય એટલે પત્યું, નેતા અને અમલદાર વચ્ચે ગજગ્રાહ શરુ થઈ જાય. અસ્થાઈ નેતાજી સ્થાયી અમલદારને અસ્થાયી કરવાના પેતરા શરુ કરી દે. રાજકીય વગ અને નોકરીની લક્ષ્મણરેખાને લીધે મોટાભાગના અમલદારો આ અસ્થાયી નેતાગીરી આગળ ઝુકી જતા હોય છે અને રાજકીય દબાણો સામે હાર સ્વીકારી લેતા હોય છે કેમકે ભલે દેખીતી રીતે નેતાઓ પાસે કોઈ પાવર ના હોય છતાં પણ અમલદારોને રસ્તે રઝળતા કરી દેવાનું અચૂક હથિયાર તો લગભગ બધા જ નેતાઓ વાપરી જાણતા હોય છે અને એ હોય છે પ્રથમ સ્ટેજમાં બદલી અને બીજા સ્ટેજમાં સસ્પેન્શન...!!! જો કે આપણે ત્યાં રાજકારણી અમલદાર કાનુનની ધરીની ભાઈબંધી મશહુર છે છતાં પણ પણ બધા અમલદારો એવા નથી પણ હોતા. ઘણા હક્ક અને ફરજની લડાઈ ફના થવાના ભોગે પણ લડી જાણતા હોય છે.




આવી લડાઈનો તાજો દાખલો છે અમિતાભ ઠાકુર. ઉત્તરપ્રદેશના પોલીસ મહાનિર્દેશક (નાગરિક સુરક્ષા) અને હવે સસ્પેન્ડેડ એવા આ ૪૭ વર્ષીય આઈપીએસ ઓફિસરનો કસુર કદાચ એ જ છે કે એમણે સમાજવાદી પાર્ટીના સુપ્રીમો મુલાયમસિંહે ઠાકુરને કરેલો એક ધમકીભર્યો ફોન ટેપ કરીને પછી સાર્વજનિક કરી દીધો. આ કથિત ફોનની વાતચીતમાં નેતાજી ઠાકુરને ધમકીભરી ભાષામાં સુધરી જવાની વાત કરે છે અને જો સુધરશે નહિ તો બુરા હાલ થશે એવી ચેતવણી પણ આપે છે. ઠાકુરે મુલાયમ વિરુદ્ધ ધમકી આપવાના આરોપ સાથે પોલીસ ફરિયાદ નોંધાવી તો દીધી પણ એના ચોવીસ કલાકની અંદર જ એક મહિલાએ અમિતાભ વિરુદ્ધ બળાત્કારની ફરિયાદ નોંધાવી દીધી અને એ ફરિયાદમાં અમિતાભની પત્નીને સહઆરોપી પણ બનાવી દીધી. મતલબ તંત્ર ઠાકુરની પાછળ પડી ગયું એ ચોક્કસ. મામલો ટીટ ફોર ટેટ જેવો લાગે છે ને? એટલું જ નહિ પણ યુપી સરકારે ઠાકુર મહાશયને અનુશાશનહીનતા, સરકાર વિરોધી દ્રષ્ટિકોણ અને હાઈકોર્ટના નિયમોના ઉલ્લંઘન બદલ સસ્પેન્ડ પણ કરી દીધા. એમ તે કાઈ ચાલતા હશે કે એક તો નેતાજીનું કહ્યું માનવું નહિ ને ઉપરથી ફોન કોલ જેવી બાબતો સાર્વજનીક કરી? નેતાજીની પણ કાઈ આબરૂબાબરું હોય કે નહિ?

આ ઠાકુર સાહેબ પણ કાઈ ઓછી માયા નથી એટલીસ્ટ ફરજ અને હક્કની બાબતમાં તો નહિ જ. ઠાકુર અને નેતાઓ વચ્ચે ક્યાં પ્રકારનો સંબંધ હશે એનો અંદાજો તમને એ વાત પરથી આવી જશે કે ૧૮ વર્ષની અત્યાર સુધીની નોકરીમાં અમિતાભની કુલ્લે ૨૨ વાર બદલીઓ થઈ છે...!!! મો પહોળું થઈ ગયું ને? આગળ લખ્યું એમ બદલી એ નેતાઓ કે પછી સરકારનું સૌથી પ્રિય શસ્ત્ર લાગે છે...!!! આઈપીએસ અધિકારીઓનો સર્વિસ મેન્યુલ એવું કહે છે કે અમલદારે પોતાના કાર્યક્ષેત્ર અને વિભાગના દાયરામાં રહીને જ સરકારી નીતિઓનો વિરોધ કરવાનો રહેશે. પણ અમિતાભે તો ફેસબુક જેવા ખુલ્લા પ્લેટફોર્મ પર સરકારના ભ્રષ્ટાચારના ભંડા ફોડવા મંડેલા. પોતાની સામજિક કાર્યકર પત્નીના એનજીઓ દ્વારા ઓછામાં ઓછી ૫૦૦ જેટલી આરટીઆઈ કરીને સરકાર પાસે વિવિધ કૌભાંડોના જવાબો માંગવામાં આવેલા. આ દંપતીએ સતત અને નોનસ્ટોપ વિવિધ અરજીઓ દ્વારા પ્રજાના માહિતી અને અધિકારના કાયદાનો ઉપયોગ કરીને નેતાઓની અઢળક સંપતી જેવા અનેક તથ્યો ઉજાગર કરેલ છે અને આવી અરજીઓને લીધે અનેક ભ્રષ્ટ નેતાઓ અને ઓફિસરો પર તપાસ અને સજા કરવાની જુદીજુદી સરકારોને ફરજ પણ પડેલી છે. પોલીસ સુપ્રીટેન્ડન્ટના કાર્યકાળ દરમ્યાન અમિતાભે કોઈ પણ નેતાની શેહશરમ રાખ્યા વગર યુપીમાં ગુંડાઓ અને અસામાજિક તત્વો પર સપાટો બોલાવી દીધેલો જેમાં નેતાજીના સગાઓ અને ખુદ નેતાજીના પગ નીચે પણ રેલા આવેલા. યુપી સરકારના ખાણ મંત્રીની ૧૬૦૦ કરોડની સંપતિનો પર્દાફાશ કરવાનું કૃત્ય અમિતાભને ભારે પડી રહ્યું છે કેમકે સસ્પેન્ડ કર્યા પછી હવે યુપી સરકારે અમિતાભની સંપતી શોધવાનો આદેશ આપ્યો છે. તો બીજી તરફ ઠાકુરે સીબીઆઈ તપાસની માંગણી કરી છે મતલબ સત્તા સામેની આ લડાઈ લાંબી ચાલવાની.

નેતાઓના રસ્તામાં જેવો કોઈ અમલદારે પગ અડાડ્યો કે ખલ્લાસ પ્રજાના આ પ્રતિનિધિઓ ઓનિયનગાર્લિક ખાઈને આવા અધિકારીઓ પાછળ પડી જાય જ. શરૂઆત બદલીથી થાય. એવી જગ્યાએ બદલીઓ કરી દેવામાં આવે કે બાપડો અમલદાર માખીઓ મારવા સિવાય કશું કરી જ ન શકે. મજાની વાત એ છે કે મોટાભાગના કેસમાં બદલી કે બરતરફીનું કારણ એકદમ હાસ્યાસ્પદ હોય છે. ૩૯ વર્ષની કેરિયર પછી બિહારના ડીજીપી મનોજે નાથ હમણાં જ રીટાયર થયા પણ મજાની વાત એ છે કે આ ૩૯ વર્ષોમાં એમની લગભગ ૪૦ વખત બદલી થયેલી અને ત્રણ વાર તો એમનાથી જુનીયર ઓફિસર દ્વારા સસ્પેન્ડ કરવામાં આવેલા. કારણ...? કારણ એટલું જ કે જેવો એ કોઈ હોદ્દાનો ચાર્જ લે અને એ વિભાગમાં ચાલતા ભ્રષ્ટાચાર વિરુદ્ધ તપાસ ચાલુ કરે કે થોડા જ સમયમાં એમની બદલી કરી નાખવામાં આવતી. એકવાર વીજળી વિભાગના ડીજી (વિજીલન્સ)ના કાર્યકાળમાં જેવી એમણે વીજબોર્ડના ચેરમેન વિરુદ્ધ તપાસ ચાલુ કરી કે મનોજે ભાઈ સસ્પેન્ડ અને કારણ શું? તો કહે તમે પ્રેસ કોન્ફરન્સ કેમ કરી?... લોલ્ઝઝઝ...મૂળ કામ સસ્પેન્શનનું અને બહાનું ગમે એ..!!!

(અનુસંધાન પાના નં. ૬ પર)

# પ્રકૃતિ ઉદ્યાનમાં અસ્તિત્વ ધરાવતાં પિંજરો અને તેમાં વસતાં વન્યજીવોની વ્યવસ્થાપન માટે પુષ્પકુમાર નામે એક દિલ્હીથી આવેલા વિદ્વાન દ્વારા પિંજરાઓના ચોક્કસ આયોજન માટેનો તખ્તો તૈયાર થયો હતો

## હરિયાળું હરણોદ્યાન

**- નટવર હેડાઉ**

(ગતાંકથી આગળ...)

અને જે કૃત્રિમ વ્યવસ્થાઓ ઊભી કરતા રહ્યા છીએ તે તેમને ગમતી હશે ખરી? એ પ્રશ્ન આપણે આપણી જાતને પુછવા જેવો છે. કેમ કે વન તકુઓ અને ઝાડીઝંકારની જગ્યાએ નવતર વ્યવસ્થા તરીકે ઊભી થતી લોખંડી આડસો, સીમેન્ટ્ કોંક્રીટનાં બાંધકામોથી વૃક્ષની ડાળો પર કે ઝાડીના ઝૂંડમાં નીજ વંશજોને ઉછેરતાં વન્યજીવોના રહેઠાણો પર થતી વિનાશક અસર જૈવિક વિવિધતાને પોષક નહીં પણ ઘાતક જ નીવડે એ વાત સમજવી જરુરી છે.

પ્રકૃતિ ઉદ્યાનમાં અસ્તિત્વ ધરાવતાં પિંજરો અને તેમાં વસતાં વન્યજીવોની વ્યવસ્થાપન માટે પુષ્પકુમાર નામે એક દિલ્હીથી આવેલા વિદ્વાન દ્વારા પિંજરાઓના ચોક્કસ આયોજન માટેનો તખ્તો તૈયાર થયો હતો. પિંજરોમાં વધતા જતા વન્ય પ્રાણી, પક્ષીઓને કારણે નાનું અને હાલમાં મધ્યમ કદનું પ્રાણી સંગ્રહાલય કહેવાય તેવો દરજ્જો અપાવવાની કવાયત હતી. પરંતુ વર્ષો વિતવા છતાં કયાંક ખેંચતાણ અને અહંના ટકરાવ કે પોતાના પ્રભાવ ક્ષેત્ર પર અન્યનો કબજો ન થઈ જાય તેવા કાલ્પનીક ઊભા થતા ભયને કારણે વન્યજીવોની જાળવણી, સંરક્ષણ અને પ્રદર્શન માટે અદ્યતન સુવિધાઓ સાથેના ખુલ્લા પાંજરા (મોટ)ની સુંદર કલ્પના હજુ સુધી કાગળ પર જ રહી છે. ત્યારે બીજી તરફ ઉત્તરાયણ જેવા તહેવારોમાં પતંગના દોરથી ઘવાયેલા પક્ષીઓ, કયારેક અકસ્માતનો ભોગ બનેલ કે બિમાર પશુઓ, પ્રાણીઓ અને માનવ વસ્તી વચ્ચે આવી જતાં હિંસક પ્રાણીઓ કે ઝેરી બિન ઝેરી સરિસૃપોને જીવદયા પ્રેમી નાગરિકો દ્વારા આશ્રય માટે અહીં લાવવાના કિસ્સાઓ વધતા જાય તેમ તેમની સંખ્યા અને તેને રાખરખાવના પ્રશ્નો પણ ઊભા થતા હોય છે. કયારેક તો કેટલાક વિચિત્ર કહી શકાય તેવા પ્રસંગો કે ઘટનાઓ બને છે. અમુક લોકો પોતાને પ્રકૃતિપ્રેમી, વન્યજીવોના ચાહક તરીકે ખપાવવા રસ્તે આવતાં જતા કે આસપાસના કયાંક પ્રાણી કે પક્ષીઓને અકસ્માતે ઘવાયેલ કે બિમાર હોય તેવાં અથવા તો પાળ્યા પછી તેનાથી કંટાળી ગયા હોઈ અહીં મુકવા આવી પહોંચે છે.

તેને સ્વીકારવાનો ઈન્કાર કરવામાં આવતો નથી પણ જો સંજોગવશાત એવું થાય અથવા એવા વન્યજીવ હોય કે જેને રાખવા માટે કયારેક ઉપલી કક્ષાએથી મંજૂરી કે સંમતિની આવશ્યકતા હોય ત્યારે તેને હરણોદ્યાનના દરવાજા પાસે કે બહાર નધણિયાતા છોડીને ચાલ્યા જવાના કિસ્સા પણ ઘણી વખત બન્યા હોવાનું ધ્યાને આવ્યું છે.

એકવાર એક બહેન વહેલી સવારે ઘાયલ ગદર્ભને ઉદ્યાનના દ્વારે મુકીને જતા રહેલાં. તો વળી મોંઘીદાટ કારમાં આવી રહેલાં એક સજ્જને રંગબેરંગી પંખીઓ પાંજરામાં પુરેલાં જોઈ દયા આવી જતાં પીંજરા સહિત તેને ખરીદી લીધેલા ખરાં પણ પછી શું કરવું? તે પ્રશ્ન થતાં હરણોદ્યાનમાં મુકવા આવી ગયેલા. ખરેખર તો કોઈ વનવગડાના પંખી નોહતા પણ કૃત્રિમ રીતે રંગ કરેલ મરઘીના નાના નાના બચ્ચા હતા. એક વખત ટ્રેનમાં ઉત્તર ભારત તરફથી લાવવામાં આવેલ પોપટોને પકડી લાવ્યા પછી તેને કયાં રાખવા એ સવાલ ઊભો થતાં અમદાવાદથી એક અધિકારી આવીને પ્રકૃતિ ઉદ્યાનની, બહાર તેને છોડીને જતા રહેલા. બહુ મોટી સંખ્યામાં પોપટનું ટોળું આમથી તેમ ઉડાઉડ કરતું જોઈને અમને પહેલાં તો આશ્ચર્ય થયેલું. પણ વટેમાર્ગુ દ્વારા પછી સાચી હકીકત જાણવા મળેલ. ઘાયલ મોર, નીલગાય, વાંદરા જેવા પ્રાણીઓ અને કયારેક ગીધ, સમડી કે બગલા જેવા પક્ષીઓ લઈને આવતા લોકોનો તૂટો નથી. ઘણીવખત યાયાવર પક્ષીઓ પણ આવતાં હોય છે.

એક સમયે ધૂળીયા મારગ અને વાંકીચૂકી કેડીઓ, કુદરતી ઝરણા જેવા જળસ્રોત અને નજીકમાં વહેલી સાબરમતી નદીને કારણે જે નૈસર્ગિક વૈભવ હતો તેના હ્રાસની સાથે સીમેન્ટ કોંક્રીટના રસ્તાઓ જળપાનની સુવિધાઓ અને સીસીટીવી કેમેરાની નજર તળે માનવ અને વન્યજીવો માટે મુક્ત અને મુગ્ધ ભ્રમણનું આ સ્થળ કૃત્રિમતાનો પર્યાત ન બને તે માટે સૌએ ચિંતા સેવવી જોઈએ.

દોઢ દાયકા સુધી અહીં સેવારત રહ્યો તેમાં કુદરતની કૃપા ને મારા સકારાત્મક પરિશ્રમના બદલા રુપે વનસેવાનું બહુમાન મેળવ્યા બાદ બઢતીને કારણે સ્થળાંતર કરવાનો સમય આવ્યો, તે પણ યાયાવરોના નિવાસસ્થળો એવા નળસરોવર અને થોળની ભૂમિ પર, ત્યારે મને થયું કે છેવટે તો આપણે પણ યાયાવર જ છીએ ને. (સંપૂર્ણ)

# કેન્દ્ર સરકાર દ્વારા લઘુત્તમ વેતનધારામાં સુધારો કરવામાં આવશે

## ગુજરાત સરકારના ફિકસ પગારના કર્મચારીઓને પણ લાભ

કેન્દ્ર સરકારે લઘુત્તમ વેતન ધારામાં ખુબ જ મોટા પ્રમાણમાં ફેરફારો કરવાનું નક્કી કરેલ છે જે સુધારા થયા બાદ નવા કાયદા મુજબ રાજયના લાખો ફિકસ વેતન ધારકોના પગારમાં પણ રાજય સરકારે વધારો કરવો પડશે ગુજરાત રાજયમાં હાલ પાંચ વર્ષના ફિકસ પગારમાં નોકરીએ રાખવામાં આવે છે તે પૈકીના ઘણા કર્મચારીઓના પગાર સરકારે નક્કી કરેલ લઘુત્તમ વેતન ધારા કરતા પણ ઓછા છે. હાલમાં દરેક રાજયમાં લઘુત્તમ વેતન દરો અલગ અલગ છે જે નવા સુધારેલ કાયદા મુજબ દરેક રાજયોમાં એક સરખા રાખવામાં આવશે અને દરેક રાજયોને નવા દર પ્રમાણે જ તેનો અમલ કરવાનો રહેશે.

રાજયના શ્રમ અને રોજગાર વિભાગના અગ્ર સચિવે જણાવ્યું હતું કે લઘુત્તમ વેતન દરના હાલના કાયદાના વિવિધ શિડ્યુલ છે જેમાં સરકારી કર્મચારીઓનો સમાવેશ થતો નથી પરંતુ કેન્દ્ર સરકાર આગામી સમયમાં જે સુધારો કરવા જઈ રહી છે તેમાં શિડ્યુલ એક સમાન ગણવામાં આવશે અને તેમાં સરકારી કર્મચારીઓનો પણ સમાવેશ કરવામાં આવશે.

નવા સુધારાથી સફાઈ કર્મચારીથી લઈ પટાવાળા તથા શિક્ષકોના પગારમાં લઘુત્તમ વેતન દર લાગુ પડતા નવા દર પ્રમાણે તેમના ફિકસ પગારમાં પણ વધારો થશે. હાલમાં કેન્દ્રનો લઘુત્તમ વેતન દર રૂા.૧૬૦/- રોન્જનો છે જે સામે ગુજરાતના દર રૂા.૨૬૮/- છે. નેશનલ ટ્રેડ યુનિયન દ્વારા મહિને ૧૫ હજારનો નવો દર કરવાની દરખાસ્ત સરકારને કરવામાં આવી છે જો આ માંગણી મંજુર કરવામાં આવે તો ૧૫ હજારથી કોઈનો પગાર ઓછો રહેશે નહિ.


સ્મોલ ફેકટરી બિલ ૪ થી ૫ કાયદાઓની જોગવાઈઓ લઘુત્તમ વેતન પર, કોડ અને ઈન્ડસ્ટ્રીયલ રીલેશન કોડ ઓન સોશીયલ સીક્યુરીટી એન્ડ વેલફેર અને કોડ ઓન સેફટી એન્ડ વર્કિંગ કન્ડીશનમાં પણ સુધારો કરવામાં આવશે. આ માટે સરકાર ચોમાસુ સત્રમાં વિધેયક પસાર કરશે.

ગુજરાતમાં બાંધકામ શ્રમ યોગી કલ્યાણ માટે ઉઘરાવાની સેશના ૬૦૦ કરોડ આજદિન સુધી વણવપરાયેલા પડી રહેલા છે તથા સુધારામાં પણ તેનો ઉપયોગ જે તે વર્ષમાં ફરજીયાત કરવાનો રહેશે.

કેન્દ્ર સરકાર દ્વારા બેરોજગારોને તેમની લાયકાત પ્રમાણે યોગ્ય રોજગારી અને તે માટેનું માર્ગદર્શન મળી રહે તે માટે એપ્લોયમેન્ટ એકસચેન્જને નેશનલ કેરીયર કાઉન્સીલમાં રૂપાંતર કરવાની વિચારણામાં છે જેનાથી દેશના ૪.૧૦ કરોડ બેરોજગારોને રોજગારી મળી રહેશે. આ ઉપરાંત કેન્દ્ર સરકાર દ્વારા જોબ સીકર્સ અને જોબ પ્રોવાઈડર્સની એકબીજાની તમામ માહિતી મળી રહે તે માટે નેશનલ કાઉન્સીલ પોર્ટલ બનાવાયુ છે. ૨૦મી જુલાઈ ૨૦૧૫ ના રોજ માનનીય વડાપ્રધાનશ્રીના હસ્તે તેનું ઉદ્‌ઘાટન થશે.

## વાત કાનૂન કાયદાની...

**- અશ્વિન વી. ત્રિવેદી**
**એડવોકેટ**
**atopcl@gmail.com**



કેન્દ્ર સરકારની યોગ્ય નીતિના કારણે આજદિન સુધી શ્રમ યોગી સેશ વપરાતું ન હતું. સમગ્ર દેશના બાંધકામ ક્ષેત્રના કામદારો માટે ૧૬ હજાર કરોડનો ઉપયોગ આજદિન સુધી થઈ શકયો નથી ગુજરાત રાજયનાં જ આવા વણવપરાયેલ ૬૦૦ કરોડ રૂપિયા પડી રહ્યા છે. જે દર વર્ષે લેપ્સ જાય છે. રાજયના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા આગામી માસમાં બેરોજગારીનું રજીસ્ટ્રેશન અને યુવીન કીટનું વિતરણ રવામાં આવશે ત્યારબાદ આ ફંડનો ઉપયોગ શ્રમ યોગીઓ માટે કરવામાં આવશે.

હાલમાં ગુજરાત સરકારના વર્ગ-૩ ના ફિકસ પગારના કર્મચારીઓ લઘુત્તમ વેતન દરથી પણ ઓછા પગારે કામ કરે છે જેમના માટે આ નવીન લઘુત્તમ દર અમલમાં મુકાતા ખરા અર્થમાં અચ્છેદિનની શરૂઆત થશે.

લઘુત્તમ વેતન દરમાં અત્યાર સુધી સરકારી કર્મચારીઓનો સમાવેશ થતો ન હતો હવેથી તેમનો સમાવેશ પણ લઘુત્તમ વેતન દરમાં થતા નેશનલ ટ્રેડ યુનિયનની માંગણી જો સરકાર દ્વારા સ્વીકારમાં આવે તો લઘુત્તમ વેતન દર મહિને રૂા.૧૫૦૦૦/- નો બંધાશે આનાથી ઓછી રકમ પગાર તરીકે કર્મચારીને આપવી એ ગુન્હો બનશે આ માટે પગાર ચુકવણીનો કાયદો ૧૯૩૬ લઘુત્તમ વેતન ધારો ૧૯૪૮, બોનસ ચુકવણી ધારો ૧૯૬૫, સમાન વેતન ધારો ૧૯૭૬ કારખાના ધારો ૧૯૪૮, ગુમાસ્તા ધારો ૧૯૪૮, મોટર ટ્રાન્સપોર્ટ વર્કસ એકટ ૧૯૬૧, કોન્ટ્રાકટ લેબર ધારો ૧૯૭૦ માં મોટાપાયે સુધારા કરવાની આવશ્યકતા છે હાલમાં બંધ મીલોના કામદારોને મજુર કાયદામાં સુધારો થતા મજુર અદાલતમાં ચાર લાખ જેટલા કેસોનો ભરાવો થયેલ છે જેમાં પણ સુધારો આવશ્યક છે તો જ ખરા અર્થમાં મજુર તથા ફિકસ પગારના કર્મચારીઓ માટે અચ્છેદિન આવશે નહીતર આ નવો સુધારો પણ કાયદાની પોથીમાં મોરપીંછની જેમ બીન અસરકારક રીતે પડયો રહેશે.

# ગામની સ્કૂલમાં પટાવાળા અને ચોકિતાય તરીકે રહેવા એક નાની ઓરડી મળી હતી. એકવાર ગામના શેઠિયાએ દવાના દોઢસો રૂપિયા આપવાની ના પાડી હતી. રઘુએ એ ઓરડીમાં આવી પોક મુકી

## ચોર!

**- જય ગજ્જર**

'પચ્ચાસ હજાર રૂપિયા ભરી દો તો હું ઓપરેશનની વ્યવસ્થા કરું!' ડોકટરે રઘુને અલ્ટિમેટમ આપી દીધું. ડૉકટરના શબ્દો સાંભળી રઘુ તો ડઘાઈ ગયો. પચ્ચાસ હજાર કંઈ નાનીસૂની રકમ નહોતી. એટલા બધા રૂપિયા લાવવા કયાંથી? એના ગજા બહારની વાત હતી. ગામમાં પોતાનું ઘર નહોતું કે ખેતર નહોતું. ગામની સ્કૂલમાં પટાવાળા અને ચોકિતાય તરીકે રહેવા એક નાની ઓરડી મળી હતી. એકવાર ગામના શેઠિયાએ દવાના દોઢસો રૂપિયા આપવાની ના પાડી હતી. રઘુએ એ ઓરડીમાં આવી પોક મુકી.

નવ વર્ષની મેનાએ બાપુને રડતા જોઈ પુછ્યું, 'બાપુ રડો છો કેમ? મારી મા મરી ગઈ?'

'મરી તો નથી ગઈ પણ હવે મરવાની તૈયારીમાં છે... ઝાઝું જીવે એમ નથી... ડૉકટર કહે છે કે ઓપરેશન કરવું પડે એમ છે. એ માટે પચાસ હજાર રૂપિયા જોઈએ. પણ એટલા બધા રૂપિયા લાવવા કયાંથી?'

'હું કંઈ કરી શકું? મને વદી તો કોઈ એટલા રૂપિયા તમને આપે ખરા?'

'તને વેચીને હું તારી માને બચાવું? તારો બાપ એટલો નફફટ અને અધમ ન બની શકે, દીકરી!' કહેતા રઘુએ એક નિશ્વાસ નાખ્યો. એકે બાજુનો આરો નહોતો. એની આંખ સામે જાનકી ઊભી રહી ગઈ. પંદર વર્ષે પહેલા હોંસે હોંસે એને પરણ્યો હતો. પરણ્યો ત્યારે પણ ગરીબ હતો. છતા જાનકી એને પરણી હતી. એ દિવસો યાદ આવી ગયા.

ભવાઈ કે નાટકમાં એને બહુ મજા આવતી. ગામમાં નાટક કે ભવાઈ સિવાય બીજું કોઈ મફતિયા મનોરંજનનું ધામ નહોતું. ગરીબ બાપ એક કોડી પણ સિનેમા જોવા આપી શકે એમ નહોતો ત્યારે ભવાઈ જેવું આશીર્વાદ બની રહેતું. એકવાર બાજુના ગામમાં ભવાઈ જોવા બેચાર મિત્રો સાથે એ ગયો હતો. ભવાઈ ચાલતી હતી ત્યારે બાજુના કોઈ ગામના એક તોફાની છોકરાએ એ ગામની એક છોકરીની મશ્કરી કરતો જોઈ એના રક્ષણાર્થે રઘુ વચ્ચે પડેલો.

'તારી એ માબહેન છે તે તું વચ્ચે પડે છે? જીવ વહાલો હોય તો હાલતો થા. નહિતર જોયા જેવી થાશે...' પેલાએ એની ફેંટ પકડી ધમકી આપી.

જરાકે ડર્યા વિના રઘુ બોલ્યો, 'મારી માબહેન નથી પણ કો'કની તો હશે ને! એક સારા માણસને આવું વર્તન ન શોભે!'

બેચાર જુવાનિયા વચ્ચે પડતાં એણે એની ફેટ છોડી દીધી. ગામલોકોના મારની બીકેક એ ટોળકી ત્યાંથી ભાગી ગઈ. પણ પેલી છોડીના મનમાં રઘુ વસી ગયો. એનું ગામઠેકાણું મેળવી જાનકીએ એના બાપ સાથે જીદ કરી એને ત્યાં જ પરણાવવા દબાણ કર્યું.

જાનકીને પરણી રઘુ ધન્ય થઈ ગયો. એના જીવનમાં જાણે સોનાનો સૂરજ ઉગ્યાનો એને અણસર દેખાયો. રઘુની દીર્ઘદષ્ટિ વિચારસરણી કાંઈ ખોટી નહોતી. જાનકી આવતાં એને સુખનો સૂરજ દેખાયો. એના સદનસીબે એને ગામની જ હાઈસ્કૂલમાં પટાવાળાની સારી નોકરી અને રહેવા ઓરડી મળી. પ્રામાણિક પણે એ નોકરીમાં પંદર વર્ષ કાઢ્યા હતા. સુખેથી રોટલો રળતો અને ખાતો એમાં કુદરતે એક ફટકો માર્યો. એની પત્નીને કેન્સર હોવાનું ડૉકટરે નિદાન કર્યું. એ માટે ડૉકટર પચાસ હજારની ફી માગી. એટલા બધા પૈસા કયાંથી લાવવા એ ગડમથલમાં હતો ત્યાં તો એના મગજમાં એકાએક ઝબકારો થતાં જલ્દી જલ્દી સ્કૂલમાં પહોંચી પચાસ હજાર લઈ ડૉકટર પાસે પહોંચ્યો, 'લો, સાહેબ, આ તમારી ફી... હવે મારી જાનકીને બચાવી લો....'

'માફ કરજો, તમે જરા મોડા પડ્યા, તમારી પત્ની હવે આ દુનિયામાં નથી.'

એ સાંભળી રઘુએ પોક મુકી, પણ કંઈક યાદ આવતાં એકદમ ઊભો થઈ એ સીધો સ્કૂલના આચાર્યને ઘરે ગયો.

'મહેતા સાહેબ, લો આ પચાસ હજાર રૂપિયા. મેં આજ ફી ભરનાર વિદ્યાર્થીઓના પૈસા કબાટમાં મૂકતા આપને જોયા હતા. મેં આપણી શાળામાં આજે એની ચોરી કરી હતી.'

'મારી જાનકીનું આપરેશન કરાવવા ડૉકટરની ફી માટે... પણ હવે એની જરુર નથી સાહેબ... હવે આ દુનિયામાં રહી નથી.'

મહેતા સાહેબનું વદન એક પ્રામાણિક અને વફાદાર પટાવાળા સામે ઝૂકી પડ્યું.